**અમદાવાદના મે. એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧, અમદાવાદ સમક્ષ**

**ક્રિ.કેસ નં.-97605/2023**

**order below Exh.1**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી વિરુધ્ધ જાહેરનામાના ભંગ બંદલ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબનો ગુન્હો કરેલાનું ચાર્જશીટ તપાસ કરનાર અધિકારીશ્રીએ આરોપી વિરૂધ્ધ કરેલ છે.

(૨)આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ, ત્યારબાદ આરોપીએ આજરોજ અદાલતમાં કોર્ટ સમક્ષ હાજર થઈ પ્રથમ તબકકેજ ગુન્હા કબુલાતની પુરસીસ રજુ કરેલ છે. અને તેમાં જણાવેલ છે કે,તેઓનો આ પ્રથમ ગુન્હો છે તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ હોવાનું જણાવી કોર્ટ સમક્ષ દયાની અરજ કરેલ છે, આરોપીની ગુન્હા સબંધી પ્લી લેતાં તેમાં પણ તેમની સામે ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરેલ છે.

(૩)આરોપીને ગુન્હાની ગંભીરતા અંગે સમજાવવામાં આવ્યા, તેમ છતાં આરોપી ગુના કબુલાતની હકીકતને વળગી રહેલ છે, જેથી આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરેલ હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. અગાઉ આરોપીએ આ પ્રકારનો ગુન્હો કર્યો હોય તેવું રેકર્ડ પરથી જણાઈ આવતું નથી. જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોઈ અને આરોપીને સુધરવાની તક મળી રહે તેમજ ભવિષ્યમાં તેઓ આ પ્રકારનું કૃત્ય નહી કરે તેવી કોર્ટ સમક્ષ ખાત્રી આપતા હોઈ આરોપીની સ્વૈચ્છીક કબુલાત લક્ષમાં લઈ ગુનેગારને તેના કૃત્યનો અહેસાસ થાય તે માટે નીચે મુજબ શિક્ષા કરતો હુકમ કરું છું.

**// હુકમ //**

અ આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબના ગુન્હામાં દોષીત ઠરાવી **રૂા.૨૦૦/-**(અંકે રૂપીયા બસો પુરા)નો દંડ કરવામાં આવે છે. અને જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન ૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે

હુકમ આજ રોજ તા. 09/12/2023 ના રોજ સ્પેશીયલ સીટીગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૯/૧૨/૨૦૨૩**
**સ્પે.સીટીંગ,અમદાવાદ.**

**(શ્રી બી.પી મહીડા)**
**કોડ નં.-૦૧૧૨૨**
**એડિ.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧, અમદાવાદ**